CC NO. 688/2024

**GJBK020148392024**

==============================================

## બનાસકાંઠાના મે.ચોથા એડી. સિનીયર સીવીલ અને ચીફ મેજી. સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પાલનપુર

==============================================

ફોજદારી કેસ નં.688/2024
આંક–

ફરિયાદીઃ– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઃ– ભરતજી જેસુંગજી દેલવાડીયા(ઠાકોર),
ઉ.વ.૨૭, ધંધો:ડ્રાયવિંગ,
હાલ રહે–ચંડીસર, માળવાપરા ખેતર ઉપર, તા.પાલનપુર, જિ.બ.કાં. મુળ રહે–મોટા, દેલવાડીયા વાસ, તા.પાલનપુર, જિ.બ.કાં.

ગુન્હોઃ– મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫, ૧૮૧ તથા પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ

**–:: ઠરાવ ::–**

(૧) ફરીયાદ પક્ષે સબંધિત પોલીસ સ્ટેશન તરફથી તપાસના અંતે આરોપી વિરૂદ્ધ મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫, ૧૮૧ તથા પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનામાં કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલ. આરોપીએ સ્વેચ્છાએ ગુના કબુલાત પુરસીસ રજુ કરતાં આરોપીની ગુના કબુલાત નોંધી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલાને જાહેર કરેલ છે.

(૩) આરોપીની સ્વેચ્છાપુર્વકની ગુના કબુલાત તથા રજુ પોલીસ પેપર્સને ધ્યાને

લેતાં, આરોપીએ સદરહું ગુનો કરેલાને ઠરાવવામાં આવે છે. આરોપીની આર્થિક, સામાજીક પરિસ્થિતિ જોતાં, આરોપીએ સામે પ્રથમ દર્શનીય ગુનો હોય, આરોપીના દયાની માંગણી કરતા હોય, આરોપીની દયાની રજૂઆતને ધ્યાને લઈ આરોપીને આ ગુનામાં તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-// હુકમ //-**

બી.એન.એસ.એસ.ની કલમ-૨૬૪ અન્વયે આરોપીને મોટર વ્હીકલ એકટની કલમ-૧૮૫, ૧૮૧ તથા પ્રોહી. એકટની કલમ-૬૬(૧)(બી) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ.૧,૦૦૦/- (રૂપિયા એક હજાર) પુરાનો દંડ કરવામાં આવે છે. જો આરોપી ઉપરોકત દંડની રકમ ન ભરે તો દિન-૧૦(દસ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ વાહન અંગે અગાઉનો વચગાળાનો હુકમ અપીલ સમય બાદ કાયમ રાખવો અને વચગાળાનો હુકમ થયો ન હોય તો માલિકીનો પુરાવો લઈ મુદ્દામાલ વાહન માલિકને પરત કરવો.

હુકમ આજ રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. પાલનપુર
તા.૧૪/૦૩/૨૦૨૬

**(એસ.જે.ઠકકર)**
ચોથા એડી. સિનીયર સીવીલ અને ચીફ મેજી.
પાલનપુર
યુ.આઈ. કોડ જી.જે.૦૧૨૭૭